# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/414 Dt. 21/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## સુરત અને અમદાવાદ બાદ હવે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મુંબઈમાં આર્ટ એક્ઝિબિશન, કલાકારો માટે પોતાની કૃતિઓ રજૂ કરવાની સુવર્ણ તક

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટી દ્વારા દેશભરના પ્રતિભાશાળી કલાકારો માટે મુંબઈમાં યોજાનારી પ્રતિષ્ઠિત આર્ટ એક્ઝિબિશનમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ કલાકારોને તેમની કલાત્મક પ્રતિભાને વિશાળ મંચ પર રજૂ કરવાની તક આપવાની સાથે તેમને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાનો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આર્ટ એક્ઝિબિશન તા. ૫ થી ૧૧ મે, ૨૦૨૬ દરમિયાન દરરોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી નેહરુ સેન્ટર આર્ટ ગેલેરી, ગ્રાઉન્ડ ફલોર, ડિસ્કવરી ઓફ ઇન્ડિયા બિલ્ડિંગ, ડો. એની બેસન્ટ રોડ, લોટસ કોલોની, વરલી, મુંબઇ ખાતે યોજાશે. મુંબઈની અગ્રણી આર્ટ ગેલેરીમાં સ્થાન પામેલી નેહરુ સેન્ટર આર્ટ ગેલેરીમાં પ્રદર્શન થકી ભાગ લેનારા કલાકારોને આર્ટ પ્રેમીઓ, કલેકટર્સ અને ક્યુરેટર્સની સાથે સીધો સંપર્ક સાધવાની ઉત્તમ તક મળશે.

ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ જણાવ્યું હતું કે, આ એક્ઝિબિશનમાં ભાગ લેવા ઇચ્છુક કલાકારોએ તેમની પેઇન્ટિંગ્સની સ્પષ્ટ તસવીરો artexhibitionmumbai@gmail.com પર મોકલવાની રહેશે. સાથે કલાકારનું નામ, આર્ટવર્કનું શીર્ષક, ઉપયોગમાં લેવાયેલ માધ્યમ અને આર્ટવર્કનું કદ દર્શાવવું ફરજિયાત રહેશે. આર્ટવર્કનું કદ ઓછામાં

ઓછું ૨ ફૂટ બાય ૨ ફૂટ અને વધુમાં વધુ ૩ ફૂટ બાય ૩ ફૂટ હોવું જરૂરી રહેશે. આ માપદંડનું પાલન કરનાર કૃતિઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

આ એક્ઝિબિશનમાં કલાકારો માટે એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખ ૨૫ એપ્રિલ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. વધુ માહિતી અથવા કોઈપણ પ્રશ્ન માટે કલાકારો ઉપરોક્ત ઇમેલ આઈડી પર સંપર્ક કરી શકે છે.

આ એક્ઝિબિશન માત્ર પ્રદર્શન પૂરતું જ નથી, પરંતુ કલાકારો માટે પોતાની ઓળખ ઉભી કરવાનો, નેટવર્કિંગ વધારવાનો અને પોતાની કૃતિઓને યોગ્ય મંચ પર રજૂ કરવાની મહત્વપૂર્ણ તક છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કલાકારોને આ અનોખી તકનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવે છે.